હિંમતનગરના મહાકાલી મંદિર, પંચદેવ મંદિર, વિરાટનગર, શુભ ટેનામેન્ટ, શાંતિનગર, ખાડિયા ચોક, હરસિદ્ધ માતાજી મંદિર, પોલોગ્રાઉન્ડમાં અલકાપુરી, મહેતાપુરા, રામજી મદિર અને ગાયત્રી મંદિર, છાપરિયા રામજી મંદિર નવરાત્રી ચોકમાં મંડળો દ્વારા યોજાતા ગરબામાં સાતમા નોરતે ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘૂમ્યા હતા. બીજી તરફ હિંમતનગરના મોતીપુરામાં સરગમ પાર્ટી પ્લોટમાં રમઝટ નવરાત્રી ૨૦૧૯ અને સૂર્યોદયમાં તાલ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવી હતી.

પ્રાંતિજ તપોધન ફળી ખાતે આજે પ્રાંતિજના બ્રહમાણી માતાના ચોકમાં પલ્લીમેળો ભરાશે

નવરાત્રીનો રંગ જામ્યો

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં જગત જનની મા જગદંબાનું આરાધના પર્વ નવરાત્રી શ્રધ્ધા-ઉમંગભેર ઉજવાઈ રહી છે ત્યારે સાતમાં નોતરે પ્રાંતિજમાં પણ વિવિધ વિસ્તારોમાં ગરબે ઘુમતા ખેલૈયાઓએ મોડી રાત્ર સુધી ગરબાની ધૂમ મચાવી હતી. પ્રાંતિજ તપોધન ફળી ખાતે શેરી ગરબામાં રમઝટ જામી હતી.

જગત-જનની મા અંબા-જગંદબાના નવ સ્વરૂપના આરાધના પર્વ નવલા નૌરતાની ગરબાઓની રમઝટ વચ્ચે ભકિતભાવ પૂર્વક ઉજવણી કરાઈ રહી છે. ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ તપોધન ફળી ખાતે પણ યંત્ર યુગમાં પણ વર્ષોથી ચાલી આવતાં શેરી ગરબાનુ મહત્વ જાણે ડીઝે અને ગાયક કલાકારો વચ્ચે પણ અકબંધ છે. પ્રાંતિજ તપોધન ફળી ખાતે રાવલ સમાજના ભાઈઓ બહેનો ગરબે ઘુમતા નજરે પડયા હતાં અને ગરબાની રમઝટ બોલાવી હતી અને આજે પણ અહીં પરમપરા મુજબ ગરબે ઘૂમતા ખૈલયાઓ જોવા મલ્યા હતા. નગરજનો બહાર પાર્ટી પ્લોટોમાં જવાને બદલે શેરીઓમાં ગરબા ગાવાનું વધારે પસંદ કરે છે અને નાના બાળકોથી લઈને વયોવૃદ્ધ પણ નવરાત્રી નવ દિવસ ગરબે ઘુમતા નજરે પડે છે ત્યારે પ્રાચીન ગરબા સાથે ખેલૈયાઓ તાલ મળેળવીને પાવન નવરાત્રી પર્વની ઉજવણી થઇ રહી છે ત્યારે આ વર્ષે જાણે પ્રથમ બે નોરતામાં મેઘરાજા વિઘ્ન બનતા ત્રીજા નોરતાથી નવરાત્રીનો રંગ જામ્યો છે, ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબા ચોકમાં ગરબે ઘૂમી મા ની આરાધનામાં જોડાયાં છે. પ્રાંતિજ તપોધન ફળી સહિત પ્રાંતિજ અને તાલુકામાં નવરાત્રીના હવે બે દિવસ બાકી છે ત્યારે ખૈલયાઓ એક મીનીટનો ટાઈમ પણ વેસ્ટ કરવા માંગ ના હોય તેમ તપોધન ફળી સહિત પ્રાંતિજ અને તાલુકામાં નવરાત્રીનો રંગ જામ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વર્ષોથી રાત્રીના સમયે પલ્લીનો મેળો ભરાય છે જેમાં આજે પ્રાંતિજના બ્રહમાણી માતાના મંદિરે પલ્લી મેળો ભરાશે જેમાં હજારોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડશે અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવશે અને જય અંબે...ના ઘોષથી સમ્રગ પ્રાંતિજ ગુંજીશે.

બ્રહ્માણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર એવી વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર તરફથી કોઈ પણ જાતની માઈ ભકતોને કષ્ટના પડે તેની ઝીણવટભરી દેખરેખ રાખવામાં આવી છે. ભકતો દ્વારા પલ્લીમાં માંગેલ બાધા પૂર્ણ કરવા માટે ઘી ચડાવવા માટે મંદિરમાં મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા કરવામાં આવેલ છે. જયારે આધશકિત પાર્વતીના નવ અવતોમાં દ્રિતીયમ બ્રહ્મચારીણીમ્ એ બ્રહ્માની શકિતથી ઉત્પન્ન થયેલ બ્રહ્મચારીણી એજ બ્રહમાણી રૂપે સર્વત્ર પૂજાવા લાગ્યાં અને અસુરોના સંહાર વખતે બ્રહમાણીએ પોતાના કમંડળમાં રહેલ જળનો છંટકાવ કરીને અસુરોને શકિતહીન બનાવી દીધા હતા જયારે નર્મદા નદીના ચાણોદથી લઈને સાબરમતીના ઉત્તર ભાગને નૈમેષારણ્ય તરીકે ઓળખવામાં આવતું હતું જેથી પાંડવોએ અજ્ઞાત વાસ દરમ્યાન શસ્ત્રો આ ધાઢ જંગલોમાં ખીજડાનાઝાડ ઉપર સંતાડયાં હતાં. અજ્ઞાતવાસ પછી જયારે તેઓ પાછાં ફર્યા ત્યારે તેમનાં શસ્ત્રો સલામત પાછાં મળ્યા તે સ્થાન રૂપાવટી નગરી એટલે કે હાલનું રૂપાલ ગામ અને માતાજીએ તેમને વિજયી થયાનું વરદાન આપ્યું તેથી રૂપાલનાં વરદાયિની કહેવામાં બીજો શાસ્ત્રો સાબરમતીના જંગલમાથી પ્રાપ્ત થયા તે સ્થાનને પાંડવોએ પ્રાપ્તિપુરીનગરી વસાવી તેનું અપભ્રંશ થતાં પ્રાંતિજ નગર બન્યું. શસ્ત્રો પ્રાપ્ત થતાં પાંડવોએ યજ્ઞ કર્યો માતાજીની સોનાની પલ્લી બનાવી તેના ઉપર ચોખ્ખા ઘીનો અભિષેક કર્યો ત્યારબાદ દર આસો સુદ-૯ (નુમ)ના દિવસે પલ્લી કાઢવામાં આવે છે જયારે આજના યુગમાં સોનાની પલ્લી બનાવી શકાય તેમના હોવાથી તેના પ્રતિક તરીકે ખીજડાના લાકડામાંથી પલ્લી બનાવવામાં આવે છે. પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસમાં સૌ પહેલાં રાજપૂતો અને નાગર બ્રાહ્મણો રહેતા હતાં માતાજી રાજપૂતના ઘરે કુંવારીકા રૂપે જન્મ્યાં હતાં. તેમના પિતાએ ઓજલના રીવાજને લઈ નવરાત્રી માં ગરબે રમવા ના જવા દેતા તેવોને માઠું લાગી આવતા હાઈવે ઉપર આવેલ માર્કન્ડેશ્વર મહાદેવ મંદિર રામદ્વારા નજીક વાવમાં પડતું મુક્યુ હતુ ત્યારબાદ રાજપૂતોએ વાવમાં તપાસ કરતાં ફકત થોડા ફુલો જ હાથ લાગ્યા હતાં. જયારે હાલ પલ્લી પટેલવાસમાં આવેલો છે ત્યાં પહેલાં રાજપૂતોની વસ્તી હતી એટલે માઢ પાસે આજે પણ રાજપૂતોની સ્ત્રીઓને દર્શન કરાવવાનો રીવાજ આજેય છે. જોકે આજે એક પણ રજપૂત સમાજનું ઘર કે કુટુંબ આવેલ નથી પણ વર્ષોથી ચાલી આવતી પરમપરા આજેપણ જણવાઈ રહી છે અને માઢ સુધી પલ્લી યાત્રા લઈ જવામાં આવે છે અને પછી મંદિરથી એક કિલોમીટર દુર રાવળ વિસ્તારની બાજુમાં આવેલ એક ખેતરમાં ઠંડી પાડવામાં આવે છે.

વડગામના પસવાદળમાં વિરપાનાથ દાદાનો વરઘોડો

વડગામ, તા. ૬

વડગામ તાલુકાના પસવાદળમાં સુપ્રસિધ્ધ વિરપાનાથ દાદાનું મંદિર આવેલું છે.

વિરપાનાથના મંદિરે આસો સુદ આઠમ અને રવિવારે વિરપાનાથદાદાનું ગ્રામજનો દ્વારા ગામમાં વરઘોડો નીકાળવામાં આવ્યો હતો. જેમાં ગામના બ્રાહ્મણો દ્વારા વીરપાનાથ દાદાની પાલખીને ગામમાં પરિભ્રમણ કરવામાં આવી હતી અને ગામના દરેક સમાજના લોકો આ વરઘોડામાં જોડાયા હતા. વિરપાનાથ દાદાના વરઘોડામાં ગામના અગ્રણી કાંતિલાલ ઠાકર, નરેન્દ્રભાઈ ઠાકર, પૂર્વ સરપંચ પરથીભાઈ ચૌધરી, સરપંચ લાલજીભાઈ ચોધરી, તા.પં.ના ડેલીગેટ લક્ષ્મણભાઈ ચૌધરી, રાંમસંગજી રાજપૂત, રતનસિંહ રાજપૂત, વિંયસિંહ રાજપૂત વકીલ, જગતસિંહ રાજપૂત, વનરાજસિંહ રાજપૂત, મહેશભાઈ ઠાકર, ગિરીશભાઈ ઠાકર, દશરથભાઈ જોશી, મુકેશભાઈ રાવલ, રમેશભાઈ મહેતા, વાલુભાઈ રાજપૂત સહિત ગ્રામજનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

જલોતરા પંથકમાં ચક્રવાતના કારણે પપૈયાના વાવેતરને ભારે નુક્સાન

વડગામ, તા. ૬

વડગામ તાલુકાના જલોતરા પંથકમાં શનિવારની રાત્રીના એકાએક ભારે ચક્રવાત સાથે વરસાદ તુટી પડતાં આ વિસ્તારમાં ખેડૂતો દ્વારા કરાયેલા પપૈયાના વાવેતરને ભારે નુક્સાન થવાના વાવડ મળી રહ્યા છે.

જલોતરા પંથકમાં શનિવાર રાત્રે ભારે પવન સાથે એકાએક વરસાદ તુટી પડયો હતો. આમ આ વિસ્તારમાં ભારે પવન સાથે ભારે વરસાદથી જલોતરા પંથકમાં ખેડૂતો દ્વારા કરાયેલા પૈપયાના વાવેતરને ઠેર-ઠેર ભારે નુક્સાન થયું હોવાના વાવડ મળી રહ્યા છે. જગતના તાત એવા વડગામ પંથકના ખેડૂતોને પડતાં ઉપર પાટું મારવાના હાલ થયા છે. ખેડૂતો દ્વારા મોઘાદાટ બિયારણો લાવીને ખેતી કરવામાં આવી રહી છે. પરંતુ અચાનક ચક્રવાત અને વરસાદથી ખેડૂતોના તૈયાર થયેલા પાકને વ્યાપક નુક્સાન થતાં આ વિસ્તારના ખેડૂતોના બેહાલ થયા છે .ખેડુતો દ્વારા વાવેલા પૈપયાના પાકને ભારે પવન સાથે વરસાદથી પૈપયા જમીનદોસ્ત થઈ ગયા છે જેના કારણે ખેડૂતોને ભારે નુક્સાન વેઠવાનો વારો આવ્યો છે. લક્ષ્મણભાઈ રામજીભાઈ ભટોળ તથા રઘનાથભાઈ વાઘજીભાઈ ઉપલાણાના ખેતરમા કરાયેલા પૈપયા જમીન દોસ્ત થઈ જતાં આ બંને ખેડુતોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. જયારે સરદારભાઈ અભુભાઈ ભટોળના ખેતરમાં બનાવેલા કેટલાક શેડના પતરાં ઉડતા નુકશાન થવા પામ્યું છે. ત્યારે સરકાર દ્વારા સર્વે હાથ ધરાવીને ખેડૂતો થયેલા નુકસાન વળતર ચુકવવામાં આવે તેવું સમગ્ર વડગામ પંથકના ખેડૂતોમાંથી માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ઓધારી ટેકરી પર ડિવાઈન ડ્રીમ વુમન ચેરીટેબલ ટ્રસ્ટ તથા લાયન શક્તિ મોડાસાની મહિલાઓ દ્વારા આયોજિત બાળ નવરાત્રી મહોત્સવમાં મોટી સંખ્યામાં નાના ભૂલકાઓ આનંદ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં મુક્તપણે ગરબે ઘૂમતા હતા. તેઓ નવા નવા આકર્ષક પોશાકમા અને વેશભૂષામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા, જેઓને નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હતા. તેઓને લાણી તેમજ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવતા હતા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલની સારૂ એવું આયોજન કરેલ જેમાં નિણાયક તરીકે સારી સેવા આપનારને સન્માનિત કરવામાં આવેલ હતા.

જિલ્લા જેલ હિંમતનગર ખાતે સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન

સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં વિવિધ રોગના નિષ્ણાત તબીબી અધિકારીઓ તેમજ તજજ્ઞ મહિલા ડૉક્ટર અધિકારી તેમજ પેરામેડિકલ સ્ટાફ સાથે હાજર રહી જેલના ૨૦૦ પુરૂષ બંદીવાન ભાઈઓ તેમજ ૨૪ સ્ટાફ કર્મચારીઓને જોઈ-તપાસી મેડિકલ સારવાર અને જરૂરી દવાઓ આપેલ છે. સારવાર માટે વધુ જરૂરિયાતમંદ આરોપીઓને સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે સંપુર્ણ સારવાર લેવા રીફર કરવા અભિપ્રાય આપેલ છે. જેલ ખાતેના સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પમા જેલના બંદીવાન ભાઈઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ બિમારીનું નિદાન કરાવેલ છે. જેમાં સિવિલ હોસ્પિટલ હિંમતનગરના ઈન્ચાર્જ સિવિલ સર્જન મયુર ગાંધી તથા આરએમઓ, જે.જી. ચાવડાની આગેવાની અને સુપરવિઝન હેઠળ યોજવામાં આવેલ. સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ સફળ અને ફળદાયી રહેલ છે. અધિક્ષક જે.જી. ચાવડાએ તમામ મેડિકલ અધિકારી અને કર્મચારી સ્ટાફનો હૃદયથી આભાર માનેલ છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરાના પ્રસિદ્ધ ગઢીમાતાના મંદિરે ચાંદી અને માટીના ગરબા ચડાવવામાં આવ્યા હતા. દર વર્ષે આઠમના દિવસે ચાંદી અને માટીના ગરબા ચડાવવામાં આવે છે. જેમાં અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટયા હતા. આ મંદિરે ભકતો મનોકામનાઓ પૂર્ણ થાય એટલે ચાંદી અને માટીના ગરબા ચડાવે છે. આ મંદિરે લોકો સુખ શાંતિ, સંતાનપ્રાપ્તિ, ઘરના વૈભવની માનતાઓ રાખે છે જે માન્યતાઓ પૂર્ણ થાય એટલે ભક્તો મંદિરે ચાંદી અને માટીના ગરબા ચડાવે છે. સાથે ભક્તો માટે પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આઠમના દિવસે રામજી મંદિરના અને ગઢીમાતાજી મંદિરના મહારાજ મહામંડલેશ્વર પુરણશરણદાસજીના લોકોએ મોટી સંખ્યામાં આશીર્વાદ લીધા હતા.

અરવલ્લી એલઆઈબી કોન્સ્ટેબલ કારમાં લાંચની રકમ બે લાખ રૂપિયા લઈ એસીબી ટ્રેપની ગંધ આવી જતા રફુચક્કર

મોડાસા, તા. ૬

ઓગસ્ટ માસમાં મોડાસા ટાઉન પીઆઈ કે.બી. બ્રહ્મભટ્ટ સામે એસીબીએ ટ્રેપ કરી હતી તે વાત તો હજુ લોકો ભુલ્યા નથી ત્યાં તો પોલીસબેડાનો એક નવો કિસ્સો બહાર આવ્યો છે. એલઆઈબીના એક કોન્સ્ટેબલે ફરિયાદી પાસે બે લાખની લાંચ માગી હતી જેના પગલે જાગૃત નાગરિક તરીકે ફરિયાદીએ એસીબીને જાણ કરી રકમ આપવાનો દિવસ સમય અને જગ્યા જણાવી હતી. જેના પગલે ગાંધીનગર એસીબીએ ટ્રેપ કરતાં કોન્સ્ટેબલને માલુમ પડતાં ફરિયાદીને જીવણપુર પાસે મેશ્વો નદીના પુલ પાસે ઉતારી દઈ બે લાખની રકમ સાથે સ્કોડા કાર લઈને ફરાર થઈ ગયો હતો. જેના પગલે એસીબીએ કોન્સ્ટેબલને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને તેની શોધખોળ માટે જિલ્લાના માર્ગો પર નાકાબંધી કરી દેવામાં આવી હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે.

વાડ જ ચિભડા ગળતી હોય ત્યારે કોઈ શું કરે ? સામાન્ય નાગરિકોને પોતાના રક્ષણ માટે પોલીસ ઉપર ભરોસો હોય છે ત્યારે પોલીસ જ લોકોને છડેચોક લૂંટે ત્યારે લોકોનો પોલીસ પરથી ભરોસો ઉઠી જતો હોય છે. હજુ તો ગત ઓગસ્ટ માસમાં જ મોડાસા ટાઉન પીઆઈ કે.બી. બ્રહ્મભટ્ટ સામે ટ્રેપ થઈ હતી જેની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી અને હાલના સમય સુધી આ કેસ લોકો હજુ ભુલી શક્યા નથી ત્યારે પોલીસબેડામાં એક નવો અધ્યાય ઉમેરાતાં હડકંપ મચ્યો છે અને લોકો કેટલાક લાંચિયા પોલીસકર્મીઓ ઉપર થુ થુ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ એક ફરિયાદીનું નામ અન્ય કેસમાં ન આવવા દેવા માટે એલઆઈબીના કોન્સ્ટેબલ ભરત ઝાલાએ બે લાખની લાંચ માગી હતી અને શનિવારના રોજ જીવણપુર નજીક લાંચની રકમ લઈને આવવા માટે જણાવ્યું હતું. આ અંગે જાગૃત નાગરિકે આ અંગે એસીબીને જાણ કરી હતી. જેના પગલે એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને જીવણપુર નજીક ફરિયાદીને નાણાં લઈને જવા કહ્યું હતું. ફરિયાદી નાણાં લઈને નિયત સમયે પહોંચ્યો હતો અને પ્લાન મુજબ કોન્સ્ટેબલને નાણાં આપવા કારમાં ફરિયાદીને બેસાડી બે લાખ રૂપિયા લેતા સમયે એલ.આઈ.બી કોન્સ્ટેબલ ભરતસિંહ ઝાલાને એસીબી ટ્રેપની ગંધ આવી જતા સ્કોડા કાર અંતરિયાળ માર્ગે કાર હંકારી મૂકી હતી અને ફરિયાદીને મેશ્વો નદીના કિનારે બોલુન્દ્રા ગામ નજીક ઉતારી લંચની રકમ ર લાખ રૂપિયા લઈ અદ્રશ્ય થઈ ગયો હતો. જેના પગલે એસીબીએ લાંચ લઈને કાર સાથે ફરાર થઈ ગયેલા કોન્સ્ટેબલને શોધવા માટે એસીબી પી.આઈ આર.એન પટેલે અરવલ્લી જીલ્લા પોલીસે કંટ્રોલને જાણ કરી કોન્સ્ટેબલ મળી આવે તે માટે વોચ ગોઠવવા અને જાણ કરવા વર્દી લખાવી હતી અને લાંચિયા ભરતસિંહને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી દીધા છે અને જિલ્લાના માર્ગો પર નાકાબંધી કરી દેવામાં આવી હોવાની જાણકારી મળી રહી છે.

ખેડબ્રહ્મામાં આઠમનું હવન માતાજી મંદિર અને નાગેશ્વરી માતાજી મંદિર યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ખાતે નવરાત્રીની આઠમનું હવન તેમજ ખેડબ્રહ્મા પોલીસ સ્ટાફ દ્વારા નાગેશ્વરમાનાં મંદિરે રવિવારના રોજ યોજયુ હતું. અંબાજી મંદિર હવનમાં મંદિર ટ્રસ્ટના પ્રમુખ જયદીપસિંહ રાઠોડ સાથે પુજારી દશરથભાઈએ પૂજા અર્ચના કરી હતી. સાંજના ૪.૩૦ કલાકે શ્રીફળ હોમ કરવામાં આવ્યું હતું. હવનની શાસ્ત્રોક્તવિધિ ચોવે વિપુલભાઈએ કરવી હતી. આ હવનમાં મંદિરના ટ્રસ્ટીઓ તેમજ ખેડબ્રહ્મા તાલુકા મામલતદાર ગમાર સાહેબ યોગેન્દ્રસિંહ, પ્રવિણસિંહ, પરસોત્તમભાઈ સહિત મેનેજર ઘનશામસિંહ અને સ્ટાફ સહિત મોટી સંખ્યામાં માઈ ભક્તો હાજર રહી આઠમના હવનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.